કેન્દ્રીયકૃત સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કેન્દ્રીયકૃત ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે PPP મોડમાં કોચીંગ સેન્ટર શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૦/૦૩/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૦૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ SCW/૧૦૧૪/ન.બા-૭૬/ગ
(૨) આ વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
(૩) આ વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એન.બી-૭૪૧/અ-૧
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૯/૦૯/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃઅજાક/ગ-૧/૮/૨૦૨૦/૪૭૨૨

આમુખઃ-

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) અને (૨) પરના ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આઇ.આઇ.એમ, નિફ્ટ, સેપ્ટ જેવી કેન્દ્રિયકૃત ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય આપવાની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અમલીત યોજનામાં પસંદ થયેલ સંસ્થામાં કોચીંગ મેળવતા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને તાલીમાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે સીધી સહાય(ડી.બી.ટી) તરીકે ચૂકવવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંકઃ (૩) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ હસ્તકની સમાન પ્રકારની યોજનામાં વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GREની પરીક્ષાની પૂર્વ તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવતો હોઇ વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪) પરના પત્રથી નિયામકશ્રી(અ.જા.ક.) દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની સમાન પ્રકારની યોજનામાં પણ IELTS, TOEFL, GREની પરીક્ષાની પૂર્વતૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ યોજનાનો લાભ આપવામાં આવે તે માટેની દરખાસ્ત તેમજ GMATની પરીક્ષાની પૂર્વતૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ સદરહુ યોજનાનો લાભ આપવામાં આવે તે માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૮/૦૮/૨૦૧૪ના ઠરાવમાં દર્શાવેલ શરત નં:(૧) ને સ્થાને નીચે મુજબની શરત વંચાણે લેવી " આઇ.આઇ.એમ, નિફ્ટ, સેપ્ટ વિગેરે જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાઓ તથા વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE, GMAT વગેરેની પરીક્ષાની પૂર્વતૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ લાભ આપવાનો રહેશે."

સદરહુ યોજનાની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

સમાન વિષયની આ વિભાગની ફાઈલ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/એન.બી-૭૪૧/અ-૧ પર નાણાં વિભાગની તા.૦૧/૦૧/૨૦૨૦ની નોંધથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની યોજનામાં IELTS, TOEFL, GREનો સમાવેશ કરવા મળેલ મંજૂરી અન્વયે તેમજ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મંજૂરી મળેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag

(ચિરાગ પટેલ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૦) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

(૧૧) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૨) સિલેક્ટ ફાઇલ